**તા.૧૦/૦૮/૨૦૨૦**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૧૦/૦૮/૨૦૨૦ ને સોમવારનાં રોજ સાંજનાં ૦૪=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં હોલમાં વર્તમાન કોરોના વાયરસનાં સંક્રમણને ધ્યાને લઇ સોસીયલ ડીસ્ટન્સ જળવાય તે રીતે બેઠક વ્યવસ્થા સાથે મળી જેમાં મુકરર તારીખ અને નિયત કરેલ સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા | ઉપપ્રમુખશ્રી |
| (૩) | શ્રીમતિ નયનાબેન આર. પટેલ | સભ્યશ્રી |
| (૪) | શ્રીમતિ ગૌરીબેન કે. તળપદા | ” |
| (૫) | શ્રી ગોવિંદભાઇ આર. તળપદા | ” |
| (૬) | શ્રી ઇમદાદઅલી જે. સૈયદ | ” |
| (૭) | શ્રીમતિ રેણુકાબેન આર. વાઘેલા | ” |
| (૮) | શ્રી રસિકભાઇ જે. મકવાણા | ” |
| (૯) | શ્રી સૌરભભાઇ એન. પટેલ | ” |
| (૧૦) | શ્રીમતિ હેતલબેન એ. પટેલ | ” |
| (૧૧) | શ્રી પુનિતકુમાર એમ. ડાભી | ” |
| (૧૨) | શ્રી ભાવિનકુમાર એમ. પટેલ | ” |
| (૧૩) | શ્રીમતિ રેહાનાબાનુ એ. ખલીફા | ” |
| (૧૪) | શ્રી ફઇમાબાનુ ડી. મલેક | ” |
| (૧૫) | શ્રી રીફાકતખાન એમ. પઠાણ | ” |
| (૧૬) | શ્રી આરિફખાન જે. સૈયદ (પઠાણ) | ” |
| (૧૭) | શ્રીમતિ રીટાબેન યુ. શાહ | ” |
| (૧૮) | શ્રી ગોપાલભાઇ એમ. ગાંધી | ” |
| (૧૯) | શ્રીમતિ કલ્પનાબેન આર. પટેલ | ” |
| (૨૦) | શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ | ” |
| (૨૧) | શ્રી જયેશકુમાર કે. પટેલ | ” |
| (૨૨) | શ્રીમતિ નફીસાબાનુ જે. શેખ | ” |
| (૨૩) | શ્રી ફરીદખાન ડી. પઠાણ | ” |
| (૨૪) | શ્રીમતિ સાયનાબીબી એમ. સૈયદ | ” |
| (૨૫) | શ્રી અબરારબેગ ડી. મિરઝાં | ” |
| (૨૬) | શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી | ” |
| (૨૭) | શ્રીમતિ મિનાક્ષીબેન એમ. મકવાણા | ” |
| (૨૮) | શ્રીમતિ જુબેદાબાનુ આર. પઠાણ | ” |
| (૨૯) | શ્રી વિજયભાઇ સી. તળપદા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.રા.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

સભાગૃહની પ્રણાલી મુજબ આજની બેઠકનાં એજન્ડા ઉપરનાં કામ નંબર ૨ કે જે પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતાં શ્રી હર્ષદભાઇ અંબાલાલ જાદવ તથા શ્રી મનિષભાઇ શંકરભાઇ પટેલનાં તાજેતરમાં થયેલ દુઃખદ અવસાન પરત્વે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબતનું કામ છે તે કામ સૌપ્રથમ હાથ ધરવામાં આવ્યું. અને શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લીધો.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨) :** પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી હર્ષદભાઇ અંબાલાલ જાદવ તથા શ્રી મનિષભાઇ શંકરભાઇ પટેલનાં તાજેતરમાં આકસ્મિક રીતે થયેલ દુ:ખદ અવસાન પરત્વે શોક ઠરાવ પસાર કરવા બાબત

**ઠરાવ નં. ૧ / તા.૧૦/૮/૨૦**

**શોક ઠરાવ**

પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારી શ્રી હર્ષદભાઇ અંબાલાલ જાદવ તથા જન સુવિધામાં કલાર્કની ફરજ બજાવતાં કાયમી કર્મચારી શ્રી મનિષભાઇ શંકરભાઇ પટેલનું હ્રદયરોગનાં હુમલાથી આકસ્મિક રીતે થયેલ દુ:ખદ અવસાન પરત્વે આજની સભા ઘહેરો શોક અનુભવે છે અને દુ:ખ વ્યકત કરી આ શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે. તેઓનાં પરિવારજનો પર આવી પડેલ દુ:ખ અને આપત્તિ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી પ્રાર્થના.

દિવંગતોનાં આત્માને ઇશ્વર ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ આજની સભામાં ઉપસ્થિત સર્વેએ બે મીનીટનું મૌન પાળી પ્રાર્થના કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લઇ સભાગૃહમાં ઉપસ્થિત સર્વેએ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા પોતાનાં સ્થાને ઊભા થઇ બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું.

મૌનનો સમય પૂર્ણ થતાં રા.અધ્યક્ષશ્રીએ આજની સભાની કાર્યવાહી શરૂ કરવા આદેશ કર્યો.

આજની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં સૌપ્રથમ રા.અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લીધી.

* જરૂરી વિષયનાં કામ :-

(૧) મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ, શ્રી અસ્લમબેગ એ. મિરઝા, શ્રી નિરંજનભાઇ પી. પટેલ, શ્રીમતિ રફીકનબીબી એસ. મલેક તથા શ્રીમતિ જયાબેન. એ. વાઘેલાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

ઉપર જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યાં. ત્યારબાદ આજની બેઠકનાં એજન્ડા ઉપરનાં કામ નં.૨૩ કે જે પેટલાદ નગરપાલિકાનાં હયાત વિસ્તારમાં વધારો કરવા આસપાસનાં ગામડાને પેટલાદ નગરપાલિકામાં સમાવવા અંગે જે તે ગામની મંજુરી મેળવી તે આધારે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા અંગેનું કામ છે. તેને ફેર વિચારણા માટે હાલ પૂરતું મુલત્વી રાખવા અંગેની જાહેરાત કરી. અને તેને સર્વેએ બહાલી આપી.

ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં. (૧) :** પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સામાન્ય સભાનાં પ્રોસીડીગને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૨ / તા.૧૦/૮/૨૦**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા ગત તા.૧૦/૦૨/૨૦ નાં રોજ મળેલ હતી જે ગત મળેલ સામાન્ય સભાનાં પ્રોસીડીગને વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત કામ પરત્વે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કરતાં, મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૧ (એકવીસ) મત અને વિરુધ્ધમાં ૦૮ (આઠ) મત પડેલ છે.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩)** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોમાં દર બે વર્ષે ૧૦% નો વધારો કરવામાં આવે છે. તે વર્તમાન કોરોના વાયરસનાં સંક્રમણને ધ્યાને લઇ હાલ પૂરતું સ્થગિત રાખવા બાબતે તા.૧૪/૦૫/૨૦૨૦ થી કરવામાં આવેલ સરકયુલર ઠરાવને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૩ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણ,શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

***સરકયુલર ઠરાવ તા.૧૪/૦૫/૨૦૨૦***

**ઠરાવનો વિષયઃ-** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોમાં દર બે વર્ષે ૧૦% વધારો કરવામાં આવે છે. તે વર્તમાન કોરોના વાયરસનાં સંક્રમણને ધ્યાને લઇ હાલ પૂરતું સ્થગિત રાખવા બાબત.

**ઠરાવ**

આથી આ સરકયુલર ઠરાવથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંકઃ નપલ-૧૦૦૭-૧૪૫૪-મ તા.૧૧/૦૬/૨૦૦૭ ના ઠરાવમાં નગરપાલિકા વિસ્તારોમાં ક્ષેત્રફળ / કારપેટ એરીયા આધારિત મિલકત વેરો લાગુ કરવા અંગેનાં નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ નિયમોનાં નિયમ (૫) (૧) અન્વયે પ્રતિ ચોરસ મીટરનાં દર (Rate) મંજુરી મેળવી નક્કી થયેલ હોય તેમાં દર બે વર્ષે ૧૦% નો વધારો કરવા જણાવેલ છે. તેથી આ નિયમ અન્વયે સને ૨૦૦૮-૨૦૦૯ થી દર બે વર્ષે વધારો કરતાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં મંજુર થયેલ દરમાં આ ૧૦% નો વધારો કરવાનો થાય છે. પરંતુ વર્તમાન કોરોના વાયરસનાં સંક્રમણની મહામારીને ધ્યાને લેતાં નાગરિકોની હાલાકી, આર્થિક મુશ્કેલી વિગેરે બાબતો જોતાં નાગરિકોનાં હિતાર્થે આ ૧૦% નો વધારો આ વર્ષમાં ન કરતાં તેને સ્થગિત કરી સને ૨૦૧૯-૨૦ નો દર યથાવત રાખવા ઉચિત જણાય છે. સાથે સાથે જે તે ચાલુ નાણાંકીય વર્ષમાં ચાલુ વર્ષના બાકી વેરામાં માહે ડિસેમ્બરથી પ્રતિ માસ ૧૮% (વાર્ષિક) લેખે થતી રકમ ચાલુ વર્ષની નોટીસ ફી ની રકમ ચઢાવવામાં આવે છે. જે પણ હાલનાં સંજોગોને ધ્યાને લઇ ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ચાલુ વર્ષની બાકી રકમ પર નોટીસ ફી ની રકમ ન ચઢાવવા યોગ્ય જણાય છે. બીજું કે, નાગરિકોની હાલાકી પરત્વે સરકારશ્રી દ્વારા પણ વિવિધ સહાય, લોન વ્યાજની રકમમાં ઘટાડો અને નિયત સમયમર્યાદામાં છુટછાટ જેવી અનેક રાહતો જાહેર કરવામાં આવેલ છે. તો પેટલાદ નગરપાલિકા દ્વારા પણ આ બાબતે દિશાસૂચક નિર્ણય લેવાય તે યથાયોગ્ય છે. આથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોમાં આકારવામાં આવતાં ક્ષેત્રફળ આધારિત મિલકત વેરાનાં મૂળ દરમાં ૧૦% ના વધારાનો અમલ સને ૨૦૨૦-૨૦૨૧ માં ન કરવા અને સને ૨૦૧૯-૨૦૨૦ નાં દરને યથાવત રાખી તે મુજબ ચાલુ વર્ષની આકારણી કરવા તેમજ ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ચાલુ વર્ષની બાકી રકમ પર માહે ડિસેમ્બરથી પ્રતિ માસ ૧૮% (વાર્ષિક) લેખે ચઢાવવામાં આવતી નોટીસ ફી ની રકમ ન ચઢાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા અને આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
***પ્રમુખ***
***પેટલાદ નગરપાલિકા***

ઉપરોકત કરેલ સરકયુલર ઠરાવને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.
આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૪)** : પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૦૨૦ થી માહે માર્ચ-૨૦૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૦ થી માહે માર્ચ-૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૦ થી માહે માર્ચ-૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત દરખાસ્ત પરત્વે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કરતાં, મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૧ (એકવીસ) મત અને વિરુધ્ધમાં ૦૮ (આઠ) મત પડેલ છે.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૫)** : પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૧૯ થી માહે માર્ચ-૨૦૨૦ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૧૯ થી માહે માર્ચ-૨૦ સુધીનો વાર્ષિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૧૯ થી માહે માર્ચ-૨૦ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત દરખાસ્ત પરત્વે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કરતાં, મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૧ (એકવીસ) મત અને વિરુધ્ધમાં ૦૮ (આઠ) મત પડેલ છે.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૬)** : પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૦૨૦ થી માહે જૂન-૨૦૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝાં, શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૦ થી માહે જૂન-૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૦ થી માહે જૂન-૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત દરખાસ્ત પરત્વે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કરતાં, મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૧ (એકવીસ) મત અને વિરુધ્ધમાં ૦૮ (આઠ) મત પડેલ છે.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૭)** : પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૦૨૦ થી માહે માર્ચ-૨૦૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે હાઇસ્કુલનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૦ થી માહે માર્ચ-૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે હાઇસ્કુલનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૦ થી માહે માર્ચ-૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૮)** : પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૧૯ થી માહે માર્ચ-૨૦૨૦ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે હાઇસ્કુલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૧૯ થી માહે માર્ચ-૨૦ સુધીનો વાર્ષિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે હાઇસ્કુલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૧૯ થી માહે માર્ચ-૨૦ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૯)** : પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૦૨૦ થી માહે જૂન-૨૦૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૯ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે હાઇસ્કુલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૦ થી માહે જૂન-૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે હાઇસ્કુલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૦ થી માહે જૂન-૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા.વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૦) :** પેટલાદ નગરપાલિકાનાં વિવિધ સોફ્ટવેરના સને ૨૦૨૦-૨૧ માટે વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી સોંપવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૧૦ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વિવિધ સોફ્ટવેરના સને ૨૦૨૦-૨૧ માટે વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી સોંપવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહીને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં ઇ-ગવર્નન્સ અંતર્ગત જુદા જુદા વિભાગોની કામગીરીને અનુલક્ષીને પ્રોપર્ટી ટેક્ષ, મેરેજ રજીસ્ટ્રેશન, જન્મ-મરણ, વ્યવસાય વેરા, બી.પી.એલ. વિગેરે જેવા સોફ્ટવેર જરૂરી કાર્યવાહી હાથ ધરી હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદ પાસેથી ખરીદ કરવામાં આવેલ છે. આ સોફ્ટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સ માટે ગત વર્ષે હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદને સામાન્ય સભાનાં ઠરાવ નં.૯૪ / તા. ૨૮/૨/૨૦૧૯ થી ઠરાવ કરી કામગીરી સોંપવામાં આવેલ હતી. આ તમામ સોફ્ટવેર તેઓ પાસેથી જ ખરીદ કરેલ હોઇ મેન્ટેનન્સ કામગીરી સરળતાથી થઇ શકે છે. વધુમાં સોફ્ટવેર ખરીદ કર્યેથી ગત વર્ષ સુધી પ્રતિ વર્ષ આ એજન્સી પાસેથી આવી કામગીરી કરાવવામાં આવે છે. તેથી તેઓ અનુભવી અને જાણકાર પણ છે. તથા આ સમયગાળા દરમ્યાન તેઓની મેન્ટેનન્સની કામગીરી સંતોષકારક રહેલ છે. જે જોતાં આગામી નાણાંકીય વર્ષ માટે વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી તેઓને સોંપવા હિતાવહ જણાય છે. પરંતુ સરકારશ્રીની સુચના અનુસાર ઇ-નગર યોજના અન્વયે આ તમામ પ્રોગ્રામ ઓનલાઇન પ્રક્રિયામાં તબદીલ કરવામાં આવનાર છે અને તે પૈકી જન્મ, મરણ અને લગ્ન નોંધણી એ ઓનલાઇન પ્રક્રિયા સાથે જોડવામાં પણ આવેલ છે. જેથી સરકારશ્રીની મળનાર આગામી સૂચના અન્વયે ઘરવેરા વિભાગની તથા અન્ય વિભાગોનાં મળી તમામ ડેટા એન્ટ્રી સરકારશ્રીનાં ઓનલાઇન સોફ્ટવેર માટે તબદીલ કરી આપવાની શરતે અને તે કારણસર જે સોફ્ટવેરનો ઉપયોગ બંધ થાય તેવા સંજોગોમાં તે દિવસથી મેન્ટેનન્સનો ખર્ચ બાદ કરી આપવાની શરતે પેટલાદ નગરપાલિકામાં વસાવેલ વિવિધ સોફ્ટવેરની વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદને નગરપાલિકાનાં હિતને ધ્યાને રાખી વખતોવખતનાં ઠરાવને આધિન આગામી પ્રતિ વર્ષ માટે સોંપવા ઠરાવવામાં આવે છે. તથા તે અંગેનાં એકાઉન્ટીંગ સીસ્ટમ તથા નગરપાલિકાની વેબસાઇટ અને મેન્ટેનન્સનાં મળી કુલ આવેલ રૂા.૫૭,૦૨૦/-નો ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા તથા પ્રતિ વર્ષ આવનાર મેન્ટેનન્સનાં ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. અને ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવામાં નિષ્ફળ જાય તો ખર્ચની રકમનાં ૫૦% ચૂકવવા અને જો સંપૂર્ણ માહિતી ઓનલાઇન ડેટા સરકારશ્રીનાં સોફ્ટવેરમાં કરી આપે તો પૂરેપૂરી ખર્ચની રકમ ચૂકવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા[વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.

૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૧) :** ગુજરાત રાજયમાં આવેલ તમામ ઓપરેશનલ એરપોર્ટની આસપાસનાં વિસ્તારમાં,ભટકતા કુતરાઓ અને અન્ય વન્યજીવોનું જોખમ ઘટાડવા માટે સક્રિય પગલાં લેવા નિર્દેશો / માર્ગદર્શિકા બહાર પાડવા અંગે મે. કમિશ્નરશ્રી, મ્યુનિસીપાલિટી, ગાંધીનગરના આવેલ ઇ-મેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિનભાઇ. એમ. પટેલ, શ્રીમતિ નયનાબેન આર. પટેલના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

ગુજરાત રાજયમાં આવેલ તમામ ઓપરેશનલ એરપોર્ટની આસપાસનાં વિસ્તારમાં,ભટકતા કુતરાઓ અને અન્ય વન્યજીવોનું જોખમ ઘટાડવા માટે સક્રિય પગલાં લેવા નિર્દેશો / માર્ગદર્શિકા બહાર પાડવા અંગે મે. કમિશ્નરશ્રી, મ્યુનિસીપાલિટી, ગાંધીનગરના આવેલ ઇ-મેલ પત્ર વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ઉધ્ધોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ એવીએન / ૧૦૨૦૧૯ / ૩૬ / ચ તા.૧૧/૦૬/૨૦૧૯ ના પત્ર આધારે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા, નવી દિલ્હીના તા.૩૧/૦૧/૨૦૧૯ નાં પત્રમાં જણાવેલ વિગતે એરક્રાફટ રૂલ્સ, ૧૯૩૭ ના નિયમ-૯૧ મુજબ એરપોર્ટ / એરસ્ટ્રીપની આસપાસ ૧૦ કિ.મીની ત્રિજયામાં કોઇપણ વ્યકિત પ્રાણીની કતલ કરવાની પ્રવૃત્તિ અથવા ગંદકી કરવી, કચરો ઠાલવવો કે ફેંકવો, હોટલ દ્વારા એંઠવાડ ફેંકવો, માંસ-માછલીની દુકાન દ્વારા ગંદકી કરવી કે જેનાથી ગીધ તથા અન્ય જંગલી પ્રાણીઓ તથા પક્ષીઓ આકર્ષાય તેવી પ્રવૃત્તિઓ કરી શકાશે નહિં. તેમ પ્રતિબંધ ફરમાવેલ છે. તે મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ પરચ /૧૦૨૦૧૯/ ૧૨૩૮ / સંકલન તા.૧૮/૦૭/૨૦૧૯ થી પાઠવેલ પત્રમાં જણાવ્યા આધારે આ જોગવાઇઓનું પાલન કરવા અર્થે જરૂરી કાર્યવાહી કરી માર્ગદર્શિકા / નિર્દેશો બહાર પાડવા વિનંતી કરેલ છે. આ અંગે કમિશ્નર શ્રી, મ્યુનિસિપાલિટી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ કમિ. મ્યુનિ. / ન.પા.વ. / વશી / ૪૫૨૭ / ૨૦૧૯ તા.૦૧/૦૨/૨૦૨૦ થી ઇ-મેલ પત્ર પાઠવી નગરપાલિકાઓએ જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકા દ્વારા ઉકત જોગવાઇઓનું પાલન કરવા અર્થે જરૂરી કાર્યવાહી કરી, માર્ગદર્શિકા / નિર્દેશો બહાર પાડવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૨) :** પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદાર તરીકે કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી હર્ષદભાઇ અંબાલાલનાં અવસાન થવાથી તેઓનાં વારસદાર શ્રી મહેશકુમાર હર્ષદભાઇ જાદવને રહેમરાહે નોકરી આપવા અંગે આવેલ તેઓની અરજી તથા એસ્ટાબ્લીશ વિભાગનો આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન આર. પટેલ, શ્રી રીફાકતખાન એમ. પઠાણના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદાર તરીકે કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી હર્ષદભાઇ અંબાલાલનાં અવસાન થવાથી તેઓનાં વારસદાર શ્રી મહેશકુમાર હર્ષદભાઇ જાદવને રહેમરાહે નોકરી આપવા અંગે આવેલ તેઓની અરજી તથા એસ્ટાબ્લીશ વિભાગનો આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારીશ્રી હર્ષદભાઇ અંબાલાલ જાદવનાં તાજેતરમાં ચાલુ નોકરીમાં અવસાન થયેલ છે. તેથી સરકારશ્રીનાં ધારાધોરણો અને નિયમોને આધિન તેઓનાં સીધી લીટીના વારસદારને ફરજમાં લેવા અને સરકારશ્રીનાં પરિપત્ર ઠરાવ ક્રમાંકઃ નપમ/૧૨૨૦૧૭/ સી.ફા.નં.૧૯/આર તા. ૧૮/૧૦/૨૦૧૭ થી ગુજરાત સરકારશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ આધારે વર્ગ-૪ ની ખાલી પડેલ જગ્યા રહેમરાહે તેઓનાં સીધી લીટીનાં વારસદારની નિમણૂંક કરવા ઠરાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકાનાં સફાઇ કામદાર શ્રી હર્ષદભાઇ અંબાલાલ જાદવનાં અવસાન થવાથી તેઓનાં સીધી લીટીનાં વારસદાર શ્રી મહેશકુમાર હર્ષદભાઇ જાદવે કરેલ અરજી પરત્વે સાધનિક કાગળોને ધ્યાને લઇ તેઓને રહેમરાહે નોકરી મંજુરીને આધિન

આપવા ઠરાવવામાં આવે છે. અને આ અંગે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા તથા આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આ સાથે ભૂતકાળમાં પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારીશ્રી અબુલહસન અબ્બાસઅલી સૈયદ તથા શ્રી શાબીરૂદ્દીન અમીનુદ્દીન કાજીનાં ચાલુ નોકરી દરમ્યાન થયેલ અવસાન બાબતે તેઓનાં વારસદારો તરફથી આવેલ અરજીઓ પરત્વે નગરપાલિકા દ્વારા ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. સદર અરજીઓ જે તે સમયે સરકારશ્રીમાંથી નામંજુર થયેલ હતી. પરંતુ આવા કર્મચારીઓની આર્થિક સ્થિતિ ધ્યાને રાખી નગરપાલિકા દ્વારા તેઓ પર ઉદારતા દાખવવી એ પણ ઉચિત જણાય છે. તેથી ઉપરોકત કામ સાથે ભૂતકાળમાં અવસાન પામેલ કર્મચારીઓનાં વારસદારોને સરકારશ્રીમાંથી આવનાર મંજુરીને આધિન રહેમરાહે નોકરી આપવા અંગે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા તથા આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-  
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)  
પ્રમુખ  
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૩)** : પેટલાદ નગરપાલિકામાં પટાવાળા તરીકે કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી વિજયભાઇ મોહનભાઇ ભોઇનાં અવસાન થવાથી તેઓનાં વારસદાર શ્રી રાકેશકુમાર વિજયભાઇ ભોઇને રહેમરાહે નોકરી આપવા અંગે આવેલ તેઓની અરજી તથા એસ્ટાબ્લીશ વિભાગનો આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૩ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન આર. પટેલ, શ્રી રીફાકતખાન એમ. પઠાણના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં પટાવાળા તરીકે કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી વિજયભાઇ મોહનભાઇ ભોઇનાં અવસાન થવાથી તેઓનાં વારસદાર શ્રી રાકેશકુમાર વિજયભાઇ ભોઇને રહેમરાહે નોકરી આપવા અંગે આવેલ તેઓની અરજી તથા એસ્ટાબ્લીશ વિભાગનો આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં પટાવાળાની કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારી શ્રી વિજયભાઇ મોહનભાઇ ભોઇનું તા.૩૦/૦૬/૨૦૧૫ નાં રોજ અવસાન થયેલ છે. તેથી તેઓનાં સીધી લીટીનાં વારસદાર શ્રી રાકેશકુમાર વિજયભાઇ ભોઇએ રહેમરાહે નોકરી મેળવવા અરજી કરેલ છે. જે ધ્યાને લઇ સરકારશ્રીનાં ધારાધોરણોને અનુસરીને તેઓની લાયકાતને આધિન અને સાધનિક કાગળો આધારે પેટલાદ નગરપાલિકામાં નોકરી મંજુરીને આધિન આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે પેટલાદ નગરપાલિકામાં ખાલી પડેલ જગ્યાઓ આધારે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા તથા આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આ સાથે ભૂતકાળમાં પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારીશ્રી અબુલહસન અબ્બાસઅલી સૈયદ તથા શ્રી શાબીરૂદ્દીન અમીનુદ્દીન કાજીનાં ચાલુ નોકરી દરમ્યાન થયેલ અવસાન બાબતે તેઓનાં વારસદારો તરફથી આવેલ અરજીઓ પરત્વે નગરપાલિકા દ્વારા ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. સદર અરજીઓ જે તે સમયે સરકારશ્રીમાંથી નામંજુર થયેલ હતી. પરંતુ આવા કર્મચારીઓની આર્થિક સ્થિતિ ધ્યાને રાખી નગરપાલિકા દ્વારા તેઓ પર ઉદારતા દાખવવી એ પણ ઉચિત જણાય છે. તેથી ઉપરોકત કામ સાથે ભૂતકાળમાં અવસાન પામેલ કર્મચારીઓનાં વારસદારોને સરકારશ્રીમાંથી આવનાર મંજુરીને આધિન રહેમરાહે નોકરી આપવા અંગે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા તથા આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-  
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)  
પ્રમુખ  
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.

૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૪) :** પેટલાદ નગરપાલિકામાં કલાર્ક તરીકે કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી મનિષભાઇ શંકરભાઇ પટેલનાં અવસાન થવાથી તેઓનાં વારસદાર શ્રીમતિ ભામિનીબેન (રશ્મિબેન) મનિષભાઇ પટેલને રહેમરાહે નોકરી આપવા અંગે આવેલ તેઓની અરજી તથા એસ્ટાબ્લીશ વિભાગનો આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૪ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન આર. પટેલ, શ્રી રીફાકતખાન એમ. પઠાણના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં કલાર્ક તરીકે કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી મનિષભાઇ શંકરભાઇ પટેલનાં અવસાન થવાથી તેઓનાં વારસદાર શ્રીમતિ ભામિનીબેન (રશ્મિબેન) મનિષભાઇ પટેલને રહેમરાહે નોકરી આપવા અંગે આવેલ તેઓની અરજી તથા એસ્ટાબ્લીશ વિભાગનો આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં કલાર્કની કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારી શ્રી મનિષભાઇ શંકરભાઇ પટેલનું તાજેતરમાં ચાલુ નોકરી દરમ્યાન હૃદયરોગનાં હુમલાથી આકસ્મિક રીતે અવસાન થયેલ છે. તેથી તેઓનાં સીધી લીટીનાં વારસદાર શ્રીમતિ ભામિનીબેન (રશ્મિબેન) મનિષભાઇ પટેલએ રહેમરાહે નોકરી મેળવવા અરજી કરેલ છે. જે ધ્યાને લઇ સરકારશ્રીનાં ધારાધોરણોને અનુસરીને તેઓની લાયકાતને આધિન અને સાધનિક કાગળો આધારે પેટલાદ નગરપાલિકામાં નોકરી મંજુરીને આધિન આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે પેટલાદ નગરપાલિકામાં ખાલી પડેલ જગ્યાઓ આધારે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા તથા આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આ સાથે ભૂતકાળમાં પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારીશ્રી અબુલહસન અબ્બાસઅલી સૈયદ તથા શ્રી શાબીરૂદ્દીન અમીનુદ્દીન કાજીનાં ચાલુ નોકરી દરમ્યાન થયેલ અવસાન બાબતે તેઓનાં વારસદારો તરફથી આવેલ અરજીઓ પરત્વે નગરપાલિકા દ્વારા ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. સદર અરજીઓ જે તે સમયે સરકારશ્રીમાંથી નામંજુર થયેલ હતી. પરંતુ આવા કર્મચારીઓની આર્થિક સ્થિતિ ધ્યાને રાખી નગરપાલિકા દ્વારા તેઓ પર ઉદારતા દાખવવી એ પણ ઉચિત જણાય છે. તેથી ઉપરોકત કામ સાથે ભૂતકાળમાં અવસાન પામેલ કર્મચારીઓનાં વારસદારોને સરકારશ્રીમાંથી આવનાર મંજુરીને આધિન રહેમરાહે નોકરી આપવા અંગે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા તથા આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૫) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં પેટલાદ ટાઉન પોલીસ હસ્તક આવેલ ચોકીનાં મકાનો પોલીસ ખાતાના નામે તબદીલ કરવા બાબત.

**ઠરાવ નં. ૧૫ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિનભાઇ. એમ પટેલ, શ્રી અબરારબેગ ડો. મિરઝાના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં પેટલાદ ટાઉન પોલીસ હસ્તક આવેલ ચોકીનાં મકાનો પોલીસ ખાતાના નામે તબદીલ કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પોલીસ અધિક્ષકશ્રી, આણંદ દ્વારા તેઓની કચેરીનાં પત્ર ક્રમાંકઃ સીબી-૧ / જમન / પે.ટા./ વશી / ૫૦ / ૫૮૪૪ / ૨૦૧૬ તા.૨૨/૦૩/૨૦૧૬ થી પેટલાદ નગરપાલિકા હસ્તકની વાવ ઉપર આવેલ પોલીસ ચોકીનું મકાન પોલીસ ખાતાને તબદીલ કરવા રજૂઆત કરેલ હતી. જે સીટી સર્વે કચેરી, પેટલાદને મે.જિલ્લા કલેકટરશ્રી, કચેરી, આણંદનાં પત્ર ક્રમાંકઃ જમન-૪ / વશી / ૮૧૯ તા.૩૧/૦૩/૨૦૧૬ થી તબદીલ થતાં તેઓની કચેરીનાં થયેલ કામ સાથે સામેલ વિવિધ પત્રો અને જવાબી કાર્યવાહી અન્વયે માંગણીવાળી ચોકી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નગરપાલિકાની જગ્યામાં આવેલ શીકોતર માતાની વાવ પર ભૂતકાળમાં સ્લેબ ભરી બાંધવામાં આવેલ છે. અને સદર વાવ પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા હસ્તકનાં રાજય રક્ષિત સ્મારકની યાદીમાં સમાવેશ થયેલ નથી. જે તમામ પત્રોની વિગતો ધ્યાને લેતાં અને સીટી સર્વે તથા પોલીસ વિભાગનાં સ્થળ તપાસનાં રીપોર્ટ વિગેરે ધ્યાને લેતાં માંગણીવાળી જગ્યા નગરપાલિકાની જગ્યામાં વાવ પર બાંધેલ હોઇ જે વાવ છે. કોઇ જમીન નહી. અને

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

તેનો કોઇ સીટી સર્વે નંબર પણ આપવામાં આવેલ નથી. તેવો અભિપ્રાય પણ મે. નાયબ કલેક્ટર કચેરી, પેટલાદનાં પત્ર ક્રમાંકઃ જમન / વશી / ૪૪૩૫ તા.૨૪/૦૯/૨૦૧૮ નાં પત્રમાં ઉલ્લેખ કરેલ છે. જે સઘળી બાબતો ધ્યાને લેતાં માંગણીવાળી જગ્યા વાવ પર હોઇ તે જગ્યા વોટરબોડીઝને લાગુ પડે છે. તેથી તેનાં ધારાધોરણો મુજબ તબદીલ કરી શકાય તેમ નથી. તેમ છતાં જો મે. જિલ્લા કલેકટર કચેરી દ્વારા જો મંજુરી આપવામાં આવે તો પેટલાદ નગરપાલિકાને વાંધા સરખું નથી તેમ ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૬) :** પેટલાદ ખાતે આવેલ નામદાર કોર્ટમાં પેટલાદ નગરપાલિકાના ચાલતાં વિવિધ કેસો પરત્વે નગરપાલિકા તરફે બચાવ જવાબ રજુ કરવા વાર્ષિક રીટેઇનરશીપની ફી થી વકીલ રોકવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૬ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજીના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ ખાતે આવેલ નામદાર કોર્ટમાં પેટલાદ નગરપાલિકાના ચાલતાં વિવિધ કેસો પરત્વે નગરપાલિકા તરફે બચાવ જવાબ રજુ કરવા વાર્ષિક રીટેઇનરશીપની ફી થી વકીલ રોકવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં નામદાર પેટલાદ કોર્ટમાં પેટલાદ નગરપાલિકાનાં વિવિધ વિભાગોનાં જુદા જુદા કેસ ચાલે છે. જેમાં સંસ્થા તરફે બચાવ રજૂ કરવા તથા મુદતોમાં હાજર રહેવા ગત વર્ષે રૂા. ૧૫,૦૦૦/- ની વાર્ષિક રીટેઇનરશીપની ફી થી વકીલ તરીકે શ્રી ઇકબાલબેગ. એસ. મિરઝાંને રોકવામાં આવેલ હતાં. અને આ અગાઉનાં વર્ષોમાં પણ તેઓને રોકવામાં આવેલ હતાં. જેથી તેઓ નગરપાલિકાનાં તમામ કેસોથી વાકેફ છે. અને અનુભવી પણ છે. તેથી આગામી વર્ષમાં પણ તેઓને રોકવા હિતાવહ જણાય છે. તેથી આગામી વર્ષ તથા પ્રતિ વર્ષ માટે સંસ્થાનાં હિતને ધ્યાને લઇ વખતોવખતનાં ઠરાવને આધિન પ્રતિ વર્ષ રૂા.૧૫,૦૦૦/- ની વાર્ષિક રીટેઇનરશીપની ફી થી શ્રી ઇકબાલબેગ. એસ. મિરઝાંને નામદાર પેટલાદ કોર્ટ ખાતે વકીલ તરીકે રોકવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૭) :** આણંદ ખાતે આવેલ નામદાર મજૂર અદાલતમાં પેટલાદ નગરપાલિકાનાં ચાલતાં વિવિધ કેસો પરત્વે નગરપાલિકા તરફે બચાવ જવાબ રજુ કરવા વાર્ષિક રીટેઇનરશીપની ફી થી વકીલ રોકવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૭ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કલ્પનાબેન આર. પટેલ, શ્રી અબરારબેગ ડી. મિરઝાના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

આણંદ ખાતે આવેલ નામદાર મજૂર અદાલતમાં પેટલાદ નગરપાલિકાનાં ચાલતાં વિવિધ કેસો પરત્વે નગરપાલિકા તરફે બચાવ જવાબ રજુ કરવા વાર્ષિક રીટેઇનરશીપની ફી થી વકીલ રોકવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં આણંદ ખાતે આવેલ નામદાર મજુર અદાલતમાં પેટલાદ નગરપાલિકાનાં વિવિધ વિભાગોનાં જુદા જુદા કેસ ચાલે છે. જેમાં સંસ્થા તરફે બચાવ રજૂ કરવા તથા મુદતોમાં હાજર રહેવા ગત વર્ષે રૂા. ૧૫,૦૦૦/- ની વાર્ષિક રીટેઇનરશીપની ફી થી વકીલ તરીકે શ્રી સુરેશચંદ્ર. આર. શાહંને રોકવામાં આવેલ હતાં. અને આ અગાઉનાં વર્ષોમાં પણ તેઓને રોકવામાં આવેલ હતાં. જેથી તેઓ નગરપાલિકાનાં તમામ કેસોથી વાકેફ છે. અને અનુભવી પણ છે. તેથી આગામી વર્ષમાં પણ તેઓને રોકવા હિતાવહ જણાય છે.તેથી આગામી વર્ષ તથા પ્રતિ વર્ષ માટે સંસ્થાનાં હિતને ધ્યાને લઇ વખતોવખતનાં ઠરાવને આધિન પ્રતિ વર્ષ રૂા.૧૫,૦૦૦/- ની વાર્ષિક રીટેઇનરશીપની ફી થી શ્રી સુરેશચંદ્ર. આર. શાહને આણંદ ખાતે આવેલ નામદાર મજુર અદાલત ખાતે વકીલ તરીકે રોકવા ઠરાવવામાં આવે છે.

નોંધઃ-૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાmવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૮) :** સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી તમામ ગ્રાન્ટની રકમમાંથી કામો કરાવવા અંગેની સત્તા આપવા બાબત.

**ઠરાવ નં. ૧૮ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ ડી. મિરઝા, શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી તમામ ગ્રાન્ટની રકમમાંથી કામો કરાવવા અંગેની સત્તા આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને વિવિધ સદર હેઠળની ગ્રાન્ટની રકમોની ફાળવણી કરવામાં આવે છે. આ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી તથા ફાળવવામાં આવનાર નવિન તમામ સદર હેઠળની ગ્રાન્ટની રકમમોમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વિકાસનાં કામો હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. અને તે અંગેની આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી તથા કામો નકકી કરવા અંગેની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત દરખાસ્ત પરત્વે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કરતાં, મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૧ (એકવીસ) મત અને વિરુધ્ધમાં ૦૮ (આઠ) મત પડેલ છે.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૯) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં અગાઉ નગરપાલિકાની જમીનમાં બાંધવામાં આવેલ સાકરબા ચતુરભાઇ પ્રાથમિક શાળા બંધ થઇ ગયેલ હોવાથી તે જગ્યાનો કબ્જો પરત મેળવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૯ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ ડી. મિરઝા, શ્રીમતિ રેણુકાબેન આર. વાઘેલાના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં અગાઉ નગરપાલિકાની જમીનમાં બાંધવામાં આવેલ સાકરબા ચતુરભાઇ પ્રાથમિક શાળા બંધ થઇ ગયેલ હોવાથી તે જગ્યાનો કબ્જો પરત મેળવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં પ્રતાપનગર સોસાયટી પાસે નગરપાલિકાની જગ્યામાં પ્રાથમિક શાળા બાંધવામાં આવેલ હતી. હાલમાં આ શાળા બંધ કરવામાં આવેલ છે. તેથી શાળા માટે બનાવેલ મકાન સારી હાલતમાં હોઇ જો તેનાં હયાત મકાન સહિત કબજો પરત લેવામાં આવે તો નગરપાલિકા દ્વારા યોજવામાં આવતાં યોજના અંતર્ગત વિવિધ રોજગારલક્ષી તાલિમવર્ગો યોજવા ઉપયોગી થઇ શકે તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ પ્રતાપનગર સોસાયટી પાસે સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ દ્વારા નગરપાલિકાની જગ્યામાં બાંધવામાં આવેલ સાકરબા ચતુરભાઇ પ્રાથમિક શાળાના મકાન સહિત જગ્યાનો કબજો પરત મેળવવા ઠરાવવામાં આવે છે. આ અંગે સરકારશ્રીનાં સંલગ્નિત વિભાગમાં જરૂરી દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. આ અંગેની આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી કરવા અંગેની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૦) :** પેટલાદ નગરપાલિકાનાં હયાત મકાનવાળી જગ્યા સીટી સર્વે કચેરીમાં પેટલાદ નગરપાલિકાનાં નામે નોંધણી કરાવવા મે.જિલ્લા કલેકટરશ્રી, આણંદ ખાતે દરખાસ્ત કરવા અંગે.

**ઠરાવ નં. ૨૦ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ આર. તળપદા, શ્રીમતિ ગૌરીબેન કે. તળપદાના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હયાત મકાનવાળી જગ્યા સીટી સર્વે કચેરીમાં પેટલાદ નગરપાલિકાનાં નામે નોંધણી કરાવવા મે.જિલ્લા કલેકટરશ્રી, આણંદ ખાતે દરખાસ્ત કરવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનું અસ્તિત્વ સને ૧૯૪૬ થી છે અને તેનું મકાન સને ૧૯૬૮ માં બનાવેલ હતું ત્યારથી નગરપાલિકાની મૂળ જગ્યામાં તે મકાન હયાત હતું પરંતુ હાલમાં સરકારશ્રીમાથી આ મકાન ૫૦ વર્ષ કરતાં જુનુ હોઇ તેને નવિન બનાવવા બાબતે ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. અને ઘટતી કાર્યવાહીથી હાલમાં તેનું નવિન બાંધકામ કાર્યરત છે. પણ સીટી સર્વે કચેરીમાં આ જગ્યા સરકાર હસ્તક છે. નગરપાલિકાનાં નામે નથી. ભૂતકાળમાં મે. કલેકટરશ્રીનાં હુકમથી પેટલાદ નગરપાલિકાને કસ્બાચોરા અને રસ્તા પેટે જમીન ફાળવી આપતાં હુકમો સને ૧૯૯૪ માં હુકમો કરેલાં છે. આમ, પેટલાદ નગરપાલિકાનું તે સ્થળે અસ્તિત્વ મે.કલેકટરશ્રી દ્વારા સ્વીકારાયાનો પુરાવો છે. પરંતુ મે.કલેકટરશ્રી દ્વારા નગરપાલિકાનાં હયાત બિલ્ડીગનાં ક્ષેત્રફળ બાબતે અથવા તેની સોંપણી બાબતે કોઇ હુકમ થયેલ હોવાનું રેકર્ડ પર જણાતું નથી. સને ૧૯૬૮ માં છેલ્લા પત્રવ્યવહાર બાદ અન્ય કોઇ રેકર્ડ પણ ઉપલબ્ધ નથી. મે.કલેકટરશ્રી, ખેડા પાસે સને ૧૯૪૬ થી ૧૯૬૮ પહેલાંનું કોઇ રેકર્ડ હોય તો તે બાબતે લેખિત પૃચ્છા કરેલ છે.પરંતુ ત્યાંથી કોઇ જવાબ આ બાબતે આવેલ નથી. તેથી પેટલાદ નગરપાલિકા કાર્યાલયવાળી જગ્યા જેનું કુલ ક્ષેત્રફળ ૧૫૨૭ ચોરસમીટર છે તે જગ્યા નગરપાલિકાનાં નામે સીટી સર્વે કચેરીમાં નોંધણી કરાવવી જરૂરી છે. આ ઉપરાંત પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં બહારનાં ભાગે આવેલ ખુલ્લી જગ્યા તથા ચોરાવાળી જગ્યા નગરપાલિકા નામે નોંધણી થયેલ છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં નવિન આકાર પામતાં કાર્યાલયવાળી કુલ ૧૫૨૭ ચો.મી. વાળી જગ્યા સીટી સર્વે કચેરીમાં પેટલાદ નગરપાલિકાના નામે દર્શાવવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. સદર જગ્યા એક સરકારી વિભાગ પાસેથી અન્ય સરકારી વિભાગને વિના મૂલ્યે ફાળવવામાં આવે તે યોગ્ય અને જરૂરી જણાય છે. આ અંગે સરકારશ્રીનાં સંલગ્નિત વિભાગમાં વિગતવાર તેનાં મુદ્દાસર દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. આ અંગેની આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી કરવા અંગેની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૧) :** પેટલાદ નગરપાલિકામાં સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ વિવિધ ગ્રાન્ટની બચત રહેતી રકમમાંથી કામો હાથ ધરવા અંગેની સત્તા આપવા બાબત.

**ઠરાવ નં. ૨૧ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ આર. તળપદા, શ્રીમતિ રેણુકાબેન આર. વાઘેલાના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ વિવિધ ગ્રાન્ટની બચત રહેતી રકમમાંથી કામો હાથ ધરવા અંગેની સત્તા આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને વિવિધ સદર હેઠળની ગ્રાન્ટની રકમોની ફાળવણી કરવામાં આવેલ છે. આ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી જુદા જુદા વિકાસનાં કામો ઘટતી કાર્યવાહીથી હાથ ધરવામાં આવે છે. આ વિકાસનાં કામો હાથ ધરવામાં આવતાં સ્થળ-સ્થિતિને આધિન તથા અંદાજીત ભાવ કરતાં આવતાં વધ-ઘટ ભાવ ને કારણે આ જુદી જુદી ગ્રાન્ટની રકમમાંથી અલગ-અલગ રકમ બચત રહેવા પામેલ છે. આ બચત રહેતી ગ્રાન્ટની તમામ બચત રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વિકાસનાં કામો હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. અને તે અંગેની આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી કરવા અંગેની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

ઉપરોક્ત દરખાસ્ત પરત્વે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કરતાં, મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૧ (એકવીસ) મત અને વિરુધ્ધમાં ૦૮ (આઠ) મત પડેલ છે.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૨)** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નંબરો પૈકી સત્તા પ્રકાર ગણોતધારાની જમીનમાં બનાવેલ મિલકતોની આકારણી કરવા અંગે આવેલ જુદા જુદા અરજદારોની અરજીઓ પરત્વે નગરપાલિકા દ્વારા આકારણી કરવા યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૨ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન આર. પટેલ, શ્રી અબરારબેગ ડી. મિરઝાના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નંબરો પૈકી સત્તા પ્રકાર ગણોતધારાની જમીનમાં બનાવેલ મિલકતોની આકારણી કરવા અંગે આવેલ જુદા જુદા અરજદારોની અરજીઓ પરત્વે નગરપાલિકા દ્વારા આકારણી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં તથા નગરપાલિકા હદ વિસ્તાર બહાર આવેલ વધારાનાં રેવન્યુ સર્વે નંબરવાળી જગ્યાઓમાં બાંધકામ કરી તેની આકારણી કરવા કામ સાથે સામેલ વિવિધ ઇસમોની અરજીઓ આવેલ છે. જેમાં નગરપાલિકા હદમાં હોય પરંતુ ખેતીલાયક જમીનમાં ઓરડી કે મકાન બનાવી રહેતા હોય તો તેવા ઇસમોને અગાઉ ઠરાવ્યા મુજબ જરૂરી કરાર અને શરતોને આધિન આકારણી કરી શકાય અથવા નગરપાલિકા હદ બહાર હોય તો તેઓને વિજ કનેકશન મેળવવા બાબતે આવતી અરજી પરત્વે નગરપાલિકા દ્વારા ન વાંધા પ્રમાણપત્ર આપવામાં આવે છે. જેથી તેઓને ફકત વિજ કનેકશન મળી શકે. પરંતુ નગરપાલિકા હદ બહાર હોય કે હદમાં હોય પણ ગણોતધારાની જમીન હોય તો તેની આકારણી કરવામાં આવતી નથી. પણ જે તે સર્વે નંબરનાં માલિક કે તેમનાં પરિવારનાં રહેઠાણ હેતુ મિલકત બનાવેલ હોય તો તેવા સંજોગોમાં રેવન્યુ વિભાગનો અભિપ્રાય મેળવી આવનાર અભિપ્રાય આધારે આકારણી કરવા સામાન્ય સમગ્ર સભાનાં ઠરાવ નં.૪૮/ તા.૧૦/૦૨/૨૦૨૦ થી ઠરાવ કરવામાં આવેલ હતો. જે આધારે મે.મામલતદારશ્રીની કચેરી, પેટલાદ ખાતે અત્રેનાં જા. નં.: પીએમપી / ટેક્ષ / ૧૭૦૪ / ૨૦૧૯-૨૦ તા.૧૧/03/૨૦૨૦ થી જરૂરી માર્ગદર્શન મેળવવા જણાવેલ હતું. પરંતુ તેઓની કચેરીનાં પત્ર ક્રમાંકઃ એડીએમ/ વશી / ૨૩૮ / ૨૦ તા.૦૮/૦૬/૨૦૨૦ થી આકારણી કરવી એ નગરપાલિકા હસ્તકની બાબત છે. તેમ જણાવેલ છે. તેથી નાગરિકોને સુવિધા મળી રહે અને નગરપાલિકા દ્વારા આપવામાં આવતી વિવિધ સુવિધાઓથી સંસ્થામાં તેનાં કરવેરાની આવક પણ થાય તેમ છે. તેથી નાગરિકોને હાલાકી વેઠવવી ના પડે અને સુવિધાઓ મળી રહે તેવા શુભાશયથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારનાં આસપાસનાં વિસ્તારોનાં રેવન્યુ સર્વે નંબરોમાં નીતિનિયમોને આધિન નવિન આકારણી કરવા ઠરાવવામાં આવે છે. તે અંગેની આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી કરવા અંગેની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૩)** : પેટલાદ નગરપાલિકાનાં હયાત વિસ્તારમાં વધારો કરવા આસપાસનાં ગામડાને પેટલાદ નગરપાલિકામાં સમાવવા અંગે જે તે ગામની મંજુરી મેળવી તે આધારે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા અંગે.

**ઠરાવ નં. ૨૩ / તા.૧૦/૮/૨૦**

સદર કામ ફેર વિચારણા કરી રજૂ કરવા હાલ પૂરતું મુલત્વી રાખવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાnવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૪) :** સરકારશ્રીની આત્મનિર્ભર યોજના અંતર્ગત પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોનાં ચાલુ બાકી મિલકત વેરામાં ૨૦% રાહત આપવા અંગે સરકારશ્રીની મળેલ સુચના અન્વયે કરેલ કામગીરીને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૨૪ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રી ગોવિંદભાઇ રાઅ. તળપદાના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રીની આત્મનિર્ભર યોજના અંતર્ગત પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોનાં ચાલુ બાકી મિલકત વેરામાં ૨૦% રાહત આપવા અંગે સરકારશ્રીની મળેલ સુચના અન્વયે કરેલ કામગીરીને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં ગુજરાત સરકારશ્રી દ્વારા વર્તમાન કોવિડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજયના અર્થતંત્રને પુનઃ વેગવંતુ કરવા માટે ગુજરાત સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક : અપબ / ૧૦૨૦૨૦ / ૧૯૫૨૨૪ / ક તા.૦૫/૦૬/૨૦૨૦ થી "ગુજરાત આત્મનિર્ભર યોજના પેકેજ" જાહેર કરવામાં આવેલ છે. તે આધારે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર કચેરીનાં પરિપત્ર ક્રમાંકઃ પરચ / ૮૦૨૦૨૦ / ૨૦૨૧ / પી તા.૨૫/૦૬/૨૦૨૦ થી પાઠવેલ પરિપત્રમાં જણાવેલ વિગતે વાણિજિયક એકમોને વર્ષ ૨૦૨૦-૨૦૨૧ નાં પ્રોપર્ટીટેક્ષનાં ચુકવણામાં મિલકતવેરાની રકમમાં ૨૦% ની માફીનો લાભ તા.૩૧/૦૮/૨૦૨૦ સુધી આપવા જણાવેલ છે. જેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં તેનો અમલ સમયમર્યાદામાં કરવાનો થતો હોઇ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ વાણિજિયક મિલકતો એટલે કે બિન રહેણાંક મિલકતોનાં સને ૨૦૨૦-૨૦૨૧ સુધીનાં તમામ વેરા ભરપાઇ કરનાર મિલકત ધારકોને તેઓની મિલકતનાં ચાલુ બાકી મિલકતવેરામાં ૨૦% ની માફી ગુજરાત આત્મ નિર્ભર યોજના પેકેજ અંતર્ગત આપવા અને જે ઇસમોએ એડવાન્સ વેરા ભરપાઇ કરેલ હોય તેવા મિલકત ધારકોને રીફંડ આપવા તથા તેનો અમલ કરવા અંગે સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગેની આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી કરવા અંગેની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૫) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વેચાણ કે અન્ય કિસ્સામાં તબદીલ થયેલ મિલકતોનાં માલિકોનાં નામ માહે જાન્યુઆરી-૨૦ થી માહે માર્ચ-૨૦ અંતિત ત્રિમાસિક સમયગાળાની અરજીઓ બાબતે જે તે માલિકોનાં નામ ટ્રાન્સફર કરવા અંગે મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૨૫ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રી અબરારબેગ. ડી. મિરઝાના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વેચાણ કે અન્ય કિસ્સામાં તબદીલ થયેલ મિલકતોનાં માલિકોનાં નામ માહે જાન્યુઆરી-૨૦ થી માહે માર્ચ-૨૦ અંતિત ત્રિમાસિક સમયગાળાની અરજીઓ બાબતે જે તે માલિકોનાં નામ ટ્રાન્સફર કરવા અંગે મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો વેચાણ થવાથી, વારસાઇથી કે અન્ય કિસ્સામાં તબદીલ થવાથી નગરપાલિકાનાં ઘરવેરા વિભાગની આકારણી દફતરે નામ તબદીલ માટે અરજીઓ આવેલ છે. જેમાં માહે જાન્યુઆરી-૨૦ થી માહે માર્ચ-૨૦ સુધીની આવેલ અરજીઓની તૈયાર કરેલ યાદી અ.નં.૧૮૬ થી ૨૬૫ સુધીની અરજીઓ સાથે રજૂ કરેલ નિયમાનુસાર તેનાં સાધનિક પુરાવા આધારે જે તે નવિન માલિકનાં નામે મિલકત, જે તે મિલકતનાં બાકી તમામ વેરા તથા તેને લગતી થતી ટ્રાન્સફર ફી ની રકમ ચૂકતે વસુલ લઇ આકારણી પત્રકે નવિન માલિકનાં

નામ પુરાવા આધારે દર્શાવવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૬) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વેચાણ કે અન્ય કિસ્સામાં તબદીલ થયેલ મિલકતોનાં માલિકોનાં નામ માહે એપ્રિલ-૨૦ થી માહે જૂન-૨૦ અંતિત ત્રિમાસિક સમયગાળાની અરજીઓ બાબતે જે તે માલિકોનાં નામ ટ્રાન્સફર કરવા અંગે મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૨૬ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિનભાઇ એમ. પટેલ, શ્રી અબરારબેગ. ડી. મિરઝાના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વેચાણ કે અન્ય કિસ્સામાં તબદીલ થયેલ મિલકતોનાં માલિકોનાં નામ માહે એપ્રિલ-૨૦ થી માહે જૂન-૨૦ અંતિત ત્રિમાસિક સમયગાળાની અરજીઓ બાબતે જે તે માલિકોનાં નામ ટ્રાન્સફર કરવા અંગે મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો વેચાણ થવાથી, વારસાઇથી કે અન્ય કિસ્સામાં તબદીલ થવાથી નગરપાલિકાનાં ઘરવેરા વિભાગની આકારણી દફતરે નામ તબદીલ માટે અરજીઓ આવેલ છે. જેમાં માહે એપ્રિલ-૨૦ થી માહે જૂન-૨૦ સુધીની આવેલ અરજીઓની તૈયાર કરેલ યાદી અ.નં.૧ થી ૪૦ સુધીની અરજીઓ સાથે રજૂ કરેલ નિયમાનુસાર તેનાં સાધનિક પુરાવા આધારે જે તે નવિન માલિકનાં નામે મિલકત, જે તે મિલકતનાં બાકી તમામ વેરા તથા તેને લગતી થતી ટ્રાન્સફર ફી ની રકમ ચૂકતે વસુલ લઇ આકારણી પત્રકે નવિન માલિકનાં નામ પુરાવા આધારે દર્શાવવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૭) :** પેટલાદ નગરપાલિકાનાં નવિન બનાવવામાં આવતાં કાર્યાલયનાં પાછળનાં ભાગે દુકાનો બનાવવા અંગે સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૨૭ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝા, શ્રીમતિ જુબેદાબાનુ આર. પઠાણના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં નવિન બનાવવામાં આવતાં કાર્યાલયનાં પાછળનાં ભાગે દુકાનો બનાવવા અંગે સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં નવિન બનતાં કાર્યાલયનાં મકાનના આગળનાં ભાગે તથા પાછળનાં ભાગે જગ્યા ખાલી પડે છે. જો તેમાં દુકાનો બનાવવામાં આવે તો તેનાં ભાડામાંથી સંસ્થાને આવક થાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં નવિન કાર્યાલયનાં બાજુમાં રહેતી ખુલ્લી જગ્યામાં નવિન દુકાનો નંગ-૦૫ બનાવવા તથા પાછળનાં ભાગે કુલ-૧૧ દુકાનો બનાવવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ અંદાજીત ખર્ચ અનુક્રમે રૂા.૧૩,૪૬,૦૦૦/- તથા રૂા.૪૩,૪૨,૬૦૦/- મળી કુલ રૂા.૫૬,૮૮,૬૦૦/- નાં અંદાજીત ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ૧૫ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે.આ અંગેની આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી કરવા અંગેની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૮)** : પેટલાદ નગરપાલિકા દ્વારા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ઘ) અન્વયે રા.પ્રમુખશ્રીને મળેલ સત્તાની રૂઇએ કોરોના વાયરસનાં સંક્રમણનાં અટકાયતી પગલાં અંગે જરૂરિયાત મુજબની કરાવેલ વિવિધ આકસ્મિક કામગીરી અને ખર્ચ બાબતે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૨૮ / તા.૧૦/૮/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ફરીદખાન ડી. પઠાણ, શ્રી પુનિતકુમાર. એમ. ડાભીના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા દ્વારા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ઘ) અન્વયે રા.પ્રમુખશ્રીને મળેલ સત્તાની રૂઇએ કોરોના વાયરસનાં સંક્રમણનાં અટકાયતી પગલાં અંગે જરૂરિયાત મુજબની કરાવેલ વિવિધ આકસ્મિક કામગીરી અને ખર્ચ બાબતે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં કોરોના વાયરસનું સંક્રમણ સમગ્ર ભારતમાં તથા ગુજારત રાજયમાં ફેલાયેલ છે. તેથી તેને નિયંત્રણમાં લાવવા જરૂરી દવાઓ તેમજ સાધન સામગ્રી ખરીદ કરી ઘટતી કાર્યવાહી હાથ ધરવાની જરૂરિયાત અતિ આવશ્યક રીતે ઊભી થતાં ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૧૪, ૨૧૫ તથા ૨૧૮ હેઠળ તાકીદે કાર્યવાહી કરવી જરૂરી હતું તેથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ઘ) હેઠળ રા.પ્રમુખશ્રીને મળેલ સત્તાની રૂએ સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ હુકમ અને કરેલ કાર્યવાહીથી જરૂરી દવાઓ ખરીદ કરી તેના છંટકાવ પેટલાદ શહેરમાં કરવામાં આવેલ અને જરૂરિયાત મુજબની સાધન સામગ્રી ખરીદ કરી તેનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી અઉપવા ઠરાવવામાં આવે છે. સદર કામે સરકારશ્રી દ્વારા કોરોના વાયરસ નિયંત્રણ ગ્રાન્ટ પણ ફાળવવામાં આવેલ છે. આ ફાળવેલ ગ્રાન્ટની રકમના પ્રથમ હપ્તા પેટે રૂા.૧૫,૦૦,૦૦૦/- ની રકમ પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ છે. આ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી ખરીદ કરેલ વિવિધ દવાઓ તેમજ સાધન સામગ્રી પેટે કરેલ ખર્ચ રૂા.૧૮,૭૭,૪૯૫/- તથા દવાને સ્ટોરેજ કરવા માટે ખરીદ કરેલ ટાંકીનાં રૂા.૪૬,૦૦૦/- નાં ખર્ચ મળી કુલ એકંદરે રૂા. ૧૯,૨૩,૪૯૫/- નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.આ અંગેની આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી કરવા અંગેની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

*** <u>જરૂરી વિષય તરીકેનાં કામ</u> :-**

**જ.વિ.કામ નં. (૧)** : મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ, શ્રી અસ્લમબેગ એ. મિરઝા, શ્રી નિરંજનભાઇ પી. પટેલ, શ્રીમતિ રફીકનબીબી એસ. મલેક તથા શ્રીમતિ જયાબેન. એ. વાઘેલાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૯ / તા.૧૦/૮/૨૦**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે,મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ, શ્રી અસ્લમબેગ એ. મિરઝા, શ્રી નિરંજનભાઇ પી. પટેલ, શ્રીમતિ રફીકનબીબી એસ. મલેક તથા શ્રીમતિ જયાબેન. એ. વાઘેલાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામ ન હોવાથી રા.અધ્યક્ષશ્રીએ આજની સામાન્ય સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી/-
(શ્રી વિઠ્ઠલભભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.